"મસ્ત લેકચર હતું." મેં જ્હૉનની પ્રશંસા કરી.

"થેન્ક્સ કેવ." મિત્રોની આ આદત હોય, નામમાંથી ગમે તે શબ્દ કાઢી નાંખે અથવા ઉમેરી દે. 'કેવ+ઇન= કેવિન!'

"હવે ફરી ઇન્ડિયા ક્યારે આવીશ?" મેં પૂછ્યું.

"શિયાળામાં, મૅરેજ સિઝનમાં. અમે એનઆરઆઇ લગ્ન કરી જતા રહીએ અને પછી લગ્ન માટે જ આવીએ." એ હસ્યો, અમે હસ્યા.

જામનગર બાયપાસથી પસાર થયા ત્યાં જ્હૉનને યાદ આવ્યું, "હું ભૂલી જાઉં એ પહેલાં કહી દઉં, એક સલાહ આપવાની હતી."

જ્હૉન મારા એવા મિત્રોમાં છે, જેની સલાહને હું સાંભળું, માનું અને અમલમાં પણ મૂકું!

"ફોડો બૉમ્બ" મેં કહ્યું.

"એક ઍસોસિયેટ રાખી લે. તારામાં શીખવવાની આવડત છે, મેં જોયું. કોઈ પણ માણસ જે બાબતમાં હોશિયાર હોય એણે પોતાના પૂરતું ન રાખવું જોઈએ."

મને તો હસવું આવી ગયું, "સાચું કે છે કે મજાક કરે છે?"

"તારે હવે તને ગમતાં, નવી ટૅક્નોલૉજીવાળા અને પ્રમાણમાં અઘરાં કેસીસ પર ફોકસ કરવું જોઈએ. સહેલા કેસીસમાંથી ઍસોસિયેટ શીખશે અને તને પણ હળવાશ લાગશે." એ ગંભીર હતો.

"બહારની કોઈ વ્યક્તિ આવે તો કામમાં અડચણ જેવું ન લાગે?"

"અરે! ઊલટાનું તને વધુ મજા આવશે. તને કોઈ રોલ મૉડેલ તરીકે જોતું હોય, તો તારી કામ કરવાની ચીવટ પણ વધી જાય. તારું પોતાનું લેવલ એક સ્ટેપ ઉપર આવશે. તમારા બંને માટે આ વિન-વિન સિચ્યુએશન થઈ જશે."

"તું જેમ મને મોટિવેટ કરે છે એમ હું પણ કરું એમ ઇચ્છે છે તું?"

"હું તો ખાલી વ્હૉટ્સઍપથી કેસ ડિસ્કસ કરતો હોઉં, તો પણ તને એ ઇન્સ્પાયર કરતું હોય, તો વિચાર કે તું કોઈની જિંદગીમાં કેટલો ચેન્જ લાવી શકે?

અમે ઍરપૉર્ટ પહોંચ્યા. જ્હૉન 'બોર્ડિંગ' માટે ગયો એ પહેલાં અમે હૉસ્ટેલપુરાણ શરૂ કર્યું અને જાણે પાછાં દસ-બાર વર્ષ નાનાં થઈ ગયાં.

ઘર તરફ પાછાં ફરતાં પહેલાં હું પાંચ મિનિટ કારમાં જ બેઠો અને તાત્કાલિક નિર્ણય કર્યો કે જ્હૉને કહ્યું એ કરવામાં આવશે.

બીજા દિવસે સવારે પહેલું કામ કર્યું 'વેકેન્સી ફૉર ઍન ઍસોસિયેટ ડેન્ટલ સર્જન' ટાઇપ કરી અને લગભગ બધા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાં એ મૅસેજ પોસ્ટ કર્યો. પહેલા જ દિવસે ત્રણ અરજી આવી. હું એક પછી એક એમ દરેકને મળ્યો. હું સામાન્ય રીતે મારી આંતરિક સ્ફુર્ણાથી નિર્ણયો લેવા ટેવાયેલો છું. મને જે વ્યક્તિનાં સ્પંદનો બંધબેસતાં લાગે એની પસંદગી જ હું કરી શકું. કહેવાનો અર્થ એ કે વધુ માર્ક્સ કે

વધુ અનુભવ કે દેખાવ એ બધા માપદંડો પછી આવે. પ્રીતિ, મને એ રીતે યોગ્ય લાગી. મને એવું લાગ્યું કે મારા કામ અને સ્ટાફમાં એ પેલું પારસીઓવાળું પ્રખ્યાત વિધાન છે ને, 'દૂધમાં સાકરની જેમ…' એમ એ ભળી જશે. છતાં મને હંમેશાં એ આદત રહી છે કે કોઈને મારી 'પર્સનલ કે પ્રોફેશનલ સ્પેસ'માં આવવા દેતાં પહેલાં હું થોડો સમય લેતો હોઉં છું. લગભગ એક અઠવાડિયા પછી મેં પ્રીતિને જાણ કરી!

બીજા જ દિવસે એણે આવવાનું શરૂ કર્યું. વ્યવસ્થિત ઇસ્ત્રી કરેલા ડ્રેસમાં એ એના માટે નક્કી થયેલા સમયે હાજર હતી. અને એ વાત વિશે મને સ્ટાફે કહ્યું ત્યારે ખ્યાલ આવ્યો! મેં મારી જાતને ટપારી અને નક્કી કર્યું કે હું પણ વહેલો આવીશ. હું એનો 'મેન્ટર' બનવાનો હતો અને એ જ મને એક પાઠ તો શીખવી ચૂકી હતી! 'જ્હૉન સાચો હતો…' મેં વિચાર્યું અને કામે લાગ્યો.

મેં એ દિવસના એ સેશનમાં ઍપૉઇન્ટમેન્ટ કેવી રીતે આપવામાં આવી છે, ટ્રીટમેન્ટ કેવી રીતે કરશું એવી વાતોથી એને જરા હળવું વાતાવરણ આપવા કોશિશ કરી. પછીના થોડા દિવસો સુધી એ રીતે જ અમારો દિવસ શરૂ થતો. એ પોતે ભલે ક્વૉલિફાઇડ ડેન્ટલ સર્જન હતી, પણ પરીક્ષાઓ પાસ કરવી અને સ્વતંત્ર ક્લિનિક ચલાવવું એ બંને અલગ બાબતો છે. એટલે મેં નક્કી કર્યું કે હું એક પ્રોગ્રામ ડિઝાઇન કરું જેનાથી એ તો સારી રીતે શીખે જ, સાથે-સાથે ક્યારેક એની જગ્યાએ બીજું કોઈ આવે તો એ વખતે કામ સરળ બની જાય. હું સતત ધ્યાન રાખતો કે હું એનો મેન્ટર બનીને રહું, 'બૉસ' નહીં. એના હાથમાં આગળ જતાં કામ સોંપતાં પહેલાં હું ઇચ્છતો હતો કે એ સ્પષ્ટ હોય કે એ કેવી રીતે કામ કરશે. અઘરામાં અઘરા કામમાં જો સ્પષ્ટ અભિગમ હોય તો એ સહેલું બની જતું હોય છે. જાણે રોજબરોજ થતું જ હોય.

ત્યારે એણે બે વર્ષ કામ કર્યું, પછી એ પોતાની જિંદગીમાં આગળ વધી. એ પછી લગભગ બીજા ત્રણેક વર્ષ જતાં રહ્યાં. થોડા દિવસો પહેલાં એ અચાનક આવી. થોડી વાતો કર્યા પછી સ્ટાફ સહિત અમે સૌ ખુશ થયા એવા સમાચાર એણે આપ્યા, એ પ્રેગ્નન્ટ હતી! અમે ખાણી-પીણીની નાની પાર્ટી પણ કરી. પછી એ બોલી, "સર, હું ફરીથી ક્લિનિક જૉઇન કરી શકું?"

મને દૂર-દૂર સુધી એવો વિચાર પણ નહોતો કે એ આવું કંઈ પૂછશે, હું થોડી વાર શાંત રહ્યો. પછી મેં કહ્યું, "ડૉ. પૂર્વ અહીંયાં છે જ અને...' પછી ડૉ. પૂર્વ તરફ જોઈને હું હસ્યો, "... એને રિપ્લેસ ન કરવો પડે એવું કામ પણ કરે છે. બાકી તો તું જાણે છે કે અહીંયાં એનાથી વધારે જરૂર પણ નથી. અને તું પ્રેગ્નન્ટ છે તો તારે ઇન્ફેક્શન અને રેડિયેશનથી બચવું પણ જોઈએ."

મારે કોઈ ચોક્કસ કારણ વગર એને ના કહેવી નહોતી. એટલે મેં એક પછી એક કારણો આપ્યાં. પણ એ મક્કમ હતી,

"સર, તમે મારા માટે માત્ર એક ડેન્ટલ સર્જન નથી. હું તમને એક મેન્ટર તરીકે જોઉં છું, લાઇફ મેન્ટર. હું જાણું છું કે હેલ્થ જાળવવી જોઈએ, પણ મારામાં સતત પૉઝિટિવિટી રહે એ પણ જરૂરી છે. મારી અંદર જે જીવ આકાર લઈ રહ્યો છે, એના ગ્રોથ માટે મારા વિચારો પણ એટલા જ ઇમ્પોર્ટન્ટ છે. જો તમને યોગ્ય લાગે તો મારે એ દિવસો ફરીથી જીવવા છે, જ્યારે આપણે હ્યુમન સાયકોલોજી અને લાઇફ ફિલૉસૉફીની વાતો કરતાં."

હું જોઈ શકતો હતો કે એ સ્પષ્ટ છે અને 'જો તમને યોગ્ય લાગે તો' એ તો ઔપચારિક વાત જ છે. મને થયું કે પ્રીતિને મારે 'ના' ન કહેવી જોઈએ. છતાં મેં છેલ્લી વાત એની સામે મૂકી, "તારા પરિવારમાં કોઈને વાંધો નથી એ પાક્કું કરી લે પછી વિચારીએ."

“એમને કોઈ વાંધો નથી. હું વાત કરીને જ આવી છું.” એ તૈયાર જ હતી.

ઍસોસિયેટ હોય, મિત્ર હોય, બહેન હોય, પત્ની હોય, મા હોય કે દીકરી... સ્ત્રી જ્યારે તમારી જિંદગીમાં જોડાય છે, પછી એ એનું જ ધાર્યું કરે છે, તમને માત્ર એવું લાગે છે કે નિર્ણય તમે કર્યો. મેં મનોમન વિચાર્યું, બધા સ્ટાફ સામે જોઈ એક સ્મિત કર્યું અને પ્રીતિ ફરી અમારા ક્લિનિકનો ભાગ બની ગઈ.

અમે નક્કી કર્યું કે એના માટે કામના કલાકો પણ ઓછા રહેશે અને એક્સ-રે કે એવી કોઈ પણ બાબત જેનાથી એને તકલીફ પહોંચે એમ હોય ત્યારે એ બાજુની ચેમ્બરમાં જતી રહેશે. પૂર્વનું કામ બરાબર હતું, સ્ટાફ પણ પૂરતો હતો છતાં પ્રીતિનો હક હતો, એ ઇચ્છે તો જોડાઈ શકે. જોકે એ વાત પણ હતી કે મને ધીમે-ધીમે જ એ સમજાવાનું હતું કે પ્રીતિને આ રીતે ફરી મોકલીને સૌને એક તાંતણે બાંધતી એ અજાણી શક્તિ શું કરવા માગે છે!

હું ઘરે ગયો ત્યારે લાગ્યું કે આપણું મગજ અજબ-ગજબ રીતે કામ કરે છે. એને બસ પોતાની જૂની ફિલ્મો શરૂ કરવા કોઈ બહાનાની જરૂર પડે અને પછી એ શરૂ કરી દે, એ બધું જ બતાવવાનું જે કેટલાંય વર્ષો પહેલાં બન્યું હોય. હું યાદ કરતો હતો એ પ્રીતિને જે થોડાં વર્ષો પહેલાં આવી હતી. પાંચેક વર્ષ પહેલાંની એ પ્રીતિ!

સમય બાબતે ચોક્કસ અને કહ્યાગરી, પણ એ ખૂલીને વાત નહોતી કરી શકતી. આત્મવિશ્વાસનો પણ અભાવ હતો. દાંતના વિષયમાં તો સ્વાભાવિક છે કે એ હજુ શરૂઆત કરી રહી હોય એટલે થોડો ડર હોય, પણ મને સતત લાગ્યા કરતું કે એ કંઈક છુપાવે છે.